જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી ૮૪૦ લીટર દેશી દારૂ, ૬૪ લીટર ઈંગ્લીશ દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૯૪/૧૬

**નવરંગપુરા : પ્રતીકભાઇ સુમનપ્રકાશ વર્મા (ઉ.વ.૩૪) (રહે, શીષીર એપાર્ટમેન્ટ શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે, આંબાવાડી) એ** તા.૧૫/૯/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૩૧/૧૨/૧૫ થી તા.૨/૨/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા શાલીન બિલ્ડીંગ ચોથે માળે આવેલ ફેરડીલ સપ્લાયસ લિમીટેડ નામની કંપનીમાં આરોપી (૧) નવરંગપુરા મીઠાખળી ખાતેની એમીરાટસ શીપીંગ એજન્સી (ઇન્ડીયા) પ્રા.લી.ના હેડ (૨) ઓથોરાઇઝડ પર્સન ચીરાગ શાહ અને (૩)એમીરાટસ શીપીંગ એજન્સી (ઇન્ડીયા) પ્રા.લી.ની ભારતમાં આવેલ બીજી બ્રાંચોના હેડ સુનિલ નાયર નાઓએ ભેગામળી પ્રતિકભાઇની કંપનીએ બજરંગ રીફેકટરીઝ પ્રા.લિ. કંપની પાસેથી ૧૨૦૦ ડોલર એક ટન મુજબના ભાવે એક કન્ટેનર એલ્યુમીનીયમ ઇગોટસનો ખરીદ કરેલ માલ ચાઇના ખાતેની ઝીઆંગ ઝાઓઝીંગ કોમર્સ એન્ડ ટ્રેડ કંપની લિ.કંપની તરફથી એમી રાટ્સ શીપીંગ એજન્સી (ઇન્ડીયા) પ્રા.લિ. મારફતે કન્ટેનરમાં શીપ દ્વારા ચાઇનાથી ગુજરાતના મુદ્રા પોર્ટ ખાતે મોકલાવ્યા બાદ, આ માલનુ કન્ટેનર મુદ્રા પોર્ટથી અમદાવાદ ખોડીયાર સી.સી.આઇનાં ડીપો ખાતે પહોંચાડવા દરમ્યાનમાં અમદાવાદ નવરંગપુરા મીઠાખળી ખાતે આવેલ એમીરાટ્સ શીપીંગ એજન્સી (ઇન્ડીયા)પ્રા.લિ. દ્વારા ચાઇના ખાતે કન્ટેનરને મારેલ સીલ નં-ડી-૬૦૭૫૪૯ તથા ઇન્સ્પેકશન કંપની દ્વારા મારેલ સી.સી.આઇ.ટી. જે ૧૧૨૨૮૬ તોડી કન્ટેનરમાં ભરેલ એલ્યુમીનીયમ ઇગોટ્સનો માલ કાઢી લઇ તેની જગ્યાએ સિમેન્ટના બ્લોક ભરી દઇ કન્ટેનર ઉપર બીજુ સીલ નંબર એફ-૮૭૮૦૯નુ લગાવી પ્રતિકભાઇની કંપનીનો માલ સગેવગે કરી ચાઇનાથી કન્ટેનરમાં એલ્યુમીનીયમ ઇગોરૂસનો માલ આવનાર હોય છતાં ડીલીવરી ઓર્ડરમાં માલના ડીસ્કીપ્શનમાં માલ સિમેન્ટ બ્લોક હોવાનુ દર્શાવતો ખોટો ડીલીવરી ઓર્ડર આપી, પ્રતિકભાઇ કંપનીએ એલ્યુમીનીયમ ઇગોરૂસના માલના ચુકવેલ રકમ તથા માલ પેટે કસ્ટમ વિભાગને ચુકવેલ કસ્ટમ ડ્યુટી મળી આશરે કુલ રૂપિયા ૨૩,૪૧,૨૩૧/- નું આર્થિક નુકશાન કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **સી.બી.રાઠોડ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૯૫/૧૬</u>**

**સરદારનગર : રાહુલભાઇ હરીભાઇ લાખાણી (ઉ.વ.૩૦)(રહે, સત્કાર એવન્યુ, નાના ચીલોડા ક્રોસીંગ પાસે, નોબલનગર, સરદારનગર)** એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૧૫/૯/૧૬ સાંજના ૬/૪૦ વાગ્યાના સુમારે કુબેરનગર, નરોડા પાટીયા, એસ.બી.આઇ.બેંક પાસે આવેલ પોતાની પ્રકાશ ફોટો લેબ નામની દુકાનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ લેબમાં પ્રવેશ કરી, લેબમાં મુકેલ જુદી-જુદી ચીજ-વસ્તુઓ કુલ કિંમત રૂપિયા ૧,૯૬,૭૩૫/-** મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી **વી આર પટેલ** ચલાવે છે.

**કાલુપુર : શાકીરભાઇ હશનભાઇ શેખ (રહે, કાલુપુર પાંચ પટ્ટી રોડ પર, ભુદર મિસ્ત્રીના ખાંચા સામે, કાલુપુર)** એ તા.૧૫/૯/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૭/૯/૧૬ રાતનાં ૮/૩૦ થી તા.૮/૯/૧૬ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર સોદાગરની પોળ પાસે, ફતેહ મસ્જીદ પાસે આવેલ પોતાની અમીન ટ્રેડર્સ નામની દુકાનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાં મુકેલ રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/-** ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી **એમ.ડી.ઉપાધ્યાય** ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયો-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૯૬/૧૬</u>**

**સોલા હાઇકોર્ટ : શોભનાબહેન હીતેન્દ્રસીહ ચૌહાણ (ઉ.વ.૩૧) (રહે,શાયોના સીટી વી-૧, આર.સી.ટેકનીકલ રોડ, ચાણક્યપુરી, ઘાટલોડીયા)** તા.૧૫/૯/૧૬ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે **શાયોના સીટી મહાલક્ષ્મી બેકરી આગળ રોડ ઉપરથી** પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ પુરૂષ શોભનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શોભનાબહેન ચૌહાણે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એચ.કે શ્રીમાળી** ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૯૭/૧૬</u>**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન : શંકરભાઇ બાબુભાઇ સોની** (રહે.આકૃતી ટાઉનશીપ, વસંતવિહારની બાજુમાં, નારોલ) એ તા.૧૬/૯/૧૬ નારોજ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૯/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાનાં પિતા બાબુભાઇ કેશાજી સોની (ઉ.વ.૭૦) નારોલ સર્કલ ગોકુલેશ પેટ્રોલપંપ સામે રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન એક અજાણ્યા કારનાં ચાલકે, કાર **પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, બાબુભાઇને ટક્કર વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૯/૧૬ રાતનાં ૯/૩૦ વાગે બાબુભાઇનું મૃત્યુ** નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી જે એમ ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૬૯૮/૧૬**

**શાહપુર : રક્ષાબેન વા/ઓ રાજનભાઇ દાતણીયા (ઉ.વ.૩ ર)(રહે, નવી વડવાળી પોળ, ઓતમપોળ પાસે, નાગોરીવાડ શાહપુર) નાઓ પતિ સાથે મનદુઃખ થતા પોતાના પિયર ખાતે રહેતાં હોઇ જે બાબતે મનમાં લાગી આવતાં તા.૧૫/૦૯/૧૬ ના કલાક ૨/૦૦ થી ૭/૨૫ ના સમયગાળા દરમ્યાન પોતાની જાત ઉપર કોઇ જવલનશીલ પ્રવાહી છાંટી સળગી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.** આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.વાય.બારોટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)